# જાહેરનામુ

**<u>પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ ગ/ ઉપક/૨[illegible]૩/ ૨૦૦૯.</u>**

**<u>તા. ૭/૦૮/૨૦૦૯.</u>**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેર જનતાનો પરિવહન સુવિધા વધારવા માટે બી. આર. ટી. એસ. (બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સર્વિસ) પ્રોજેક્ટનો અમલ કરવામાં આવી રહેલ છે. આ બી. આર. ટી. એસ. રુટ ઉપર ફક્ત બી. આર. ટી. એસ બસો જ ચાલી શકે તે માટે એક અલગથી રોડની મધ્યમમાં અગર બાજુમાં રોડ બનાવવામાં આવેલ છે. આ પરિવહન સેવા સારી રીતે અને ઝડપી ચાલે તેમજ અકસ્માત રહીત રુટ પર ચાલે અને બસનાં રુટમાં અડચણ ન થાય તે માટે જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં રાખી મુંબઇ પોલીસ અધિનીયમ ધારા-૩૩ (૧) બ થી મને મળેલ સત્તાની રુએ હું એસ. કે. સાઇકીયા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>હુ ક મ ઃ-</u>**

અમદાવાદ શહેરમાં મુખ્ય માર્ગ કે જ્યાં બી. આર. ટી. એસ. બસોને ચાલવા માટે અલગથી રોડ બનાવવામાં આવેલ છે, તે રુટ ઉપર તમામ પ્રકારના યાંત્રીક અને બીન યાંત્રીક વાહનોને ચાલવા અગર પાર્કીંગ માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ રુટ ઉપર ફક્ત બી. આર. ટી. એસ. ની બસોને ચાલવા માટે જ મુક્તી આપવામાં આવે છે.

આ બી. આર. ટી. એસ. રુટ ઉપર અનિવાર્ય/કટોકટીનાં સમયમાં જ્યારે બીજા કોઇ વિકલ્પ ના રહે તેવા સંજોગોમાં એમ્બ્યુલન્સ/ફાયર ફાઇટર અને સુરક્ષા નાં વાહનોને પરિવહનની છુટ આપવામાં આવે છે.

હુકમનો ભંગ કરનાર વિરુધ્ધમાં ભારતીય ફોજદારી ધારાનો કલમ. ૧૮૮ મુજબ તેમજ મોટર ધારા કલમ ૧૧૯ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા. ૦૧/૧૦/૨૦૦૯ થી કરવાનો રહેશે.

આજ રોજ તા. ૭/૦૮/૨૦૦૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૭/૦૮/૨૦૦૯

(એસ. કે. સાઇકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.

૪. કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.

૧૦. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )

રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ( ૫ નકલ )

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ. ( ૫ નકલ )

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ ( ૨૫ નકલ )

૧૧. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર

૧૨. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રો પોલીટનની કોર્ટ અમદાવાદ શહેર.

૧૩. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર

૧૪. માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

<u>નકલ રવાના :-</u>

૧. સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર.૧/૨ મુખ્ય મથક, વિ.શાખા, ટ્રાફિક, અ'વાદ શહેર.

૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
૨/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

૫. પો.ઇન્સ.શ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
૨/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારું.

૬. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક શાખા અમદાવાદ શહેર(૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.